વડીલોને વંદન અભિનંદન

મનોજકુમાર રતીલાલ સરૈયા
(૧૯૫૯)ફોન: ૨૩૨૪૬૬૪૫

ધાંધલની વચ્ચે શિયાળુસત્રના પ્રથમ દિવસે કાર્યવાહી મોકુફ

લોકસભાની કામગીરી ચાર વખત મોકુફ કરાઈ : મમતા બેનર્જીની અવિશ્વાસ દરખાસ્ત લાવવાની યોજના ઉપર પાણી : અધ્યક્ષ મીરાકુમારે દરખાસ્ત ફગાવી દીધી

નવી દિલ્હી,તા. ૨૨

સંસદનું શિયાળુસત્ર ધારણા પ્રમાણે તોફાનીરીતે શરૂ થયુ છે. પ્રથમ દિવસે જ એફડીઆઈ સહિત જુદાજુદા મુદ્દા પર કામગીરી ખોરવાઈ ગઈ હતી. તૃણમુલ કોંગ્રેસના વડા અને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીદ્વારા યુપીએ સરકાર સામે અવિશ્વાસ દરખાસ્ત લાવવાની યોજના નિષ્ફળ રહી હતી કારણ કે દરખાસ્ત માટે જરૂરી સભ્યોનું સમર્થન મમતા મેળવી શક્યા ન હતા જેથી અધ્યક્ષ મીરા કુમારે મમતા બેનર્જીની અવિશ્વાસની દરખાસ્તને ફગાવી દીધી હતી. માત્ર ૨૨ સભ્યોનો જ ટેકો મળ્યો હતો. જરૂરી સભ્યોનો ટેકો મમતાને મળ્યો ન હતો. બંને ગૃહોને મોકુફ કરવાની પ્રથમ દિવસે જ ફરજ પડી હતી.

અપેક્ષા અનુસાર જ સંસદના શિયાળુ સત્રનો તોફાની પ્રારંભ થયો છે. મલ્ટીબ્રાન્ડ રીટેલમાં એફડીઆઈના મુદ્દે પ્રશ્નકાળ રદ કરીને અવિશ્વાસ પ્રસ્તાવની તૃણમૂલ કોંગ્રેસની દરખાસ્ત સ્પીકર મીરાકુમારે સ્વીકારી ન હતી. વિપક્ષોએ હોબાળો ચાલુ રાખ્યો હતો. સંસદના શિયાળુ સત્રની શરૂઆત શોરબકોર સાથે થઈ હતી. વિપક્ષે રાહતદરે એલપીજી ગેસ સિલિન્ડર્સમાં ટોચમર્યાદા લાગુ કરવા અને રિટેલમાં એફડીઆઈ મુદ્દે હોબાળો કર્યો હતો. જેના કારણે બંને ગૃહો બપોર સુધી મોકુફ કરી દેવાયા હતા. જ્યારે રાજ્યસભા આવતીકાલે સવારે અગિયાર વાગ્યા સુધી મોકૂફ કરી દેવાયું હતું. વડાપ્રધાને સંસદની કાર્યવાહી સુપેરે ચાલે તે માટે અપીલ કરી છે. તેમણે તમામ મુદ્દાઓ પર ચર્ચા કરવાની અને જવાબ આપવાની તૈયારી દાખવી હતી.

સવારે ગૃહ મળ્યું ત્યારે લોકસભામાં વિપક્ષ નેતા સુષ્મા સ્વરાજે રિટેલમાં એફડીઆઈના મુદ્દે ૧૮૪ હેઠળ ચર્ચા માંગી હતી. આ જોગવાઈ હેઠળ ચર્ચા પછી મતદાનની જોગવાઈ હોય છે. જો કે સરકાર આ માટે તૈયાર થઈ ન હતી. લોકસભાના સ્પીકર મીરાકુમારે ગૃહની કાર્યવાહીને પ્રથમ વખત બપોરે બાર વાગ્યા સુધી અને પછી બપોરે સાડા બાર વાગ્યા સુધી મોકૂફ કરી દીધી હતી. બપોરે સાડાબારે ફરી ગૃહ મળ્યું ત્યારે કાર્યવાહીને બપોરે બે વાગ્યા સુધી મોકૂફ કરી દેવાઈ હતી. બપોરે બે વાગ્યે પણ હોબાળો ચાલુ રહેતા ગૃહને દિવસભર માટે મોકૂફ કરી દેવાયું હતું. દરમિયાન લોકસભાના સ્પીકર તૃણમૂલ કોંગ્રેસના અવિશ્વાસ પ્રસ્તાવને કાઢી નાંખ્યો હતો. રિટેલમાં એફડીઆઈના મુદ્દા પર તૃણમૂલ કોંગ્રેસ અવિશ્વાસનો પ્રસ્તાવ લાવ્યું હતું. રાજ્યસભામાં પણ આ પ્રકારનાં જ દ્રશ્યો જોવા મળ્યા હતા. અધ્યક્ષ હામિદ અનસારીએ સભ્યોને શાંત કરવાનો પ્રયાસ કર્યો હતો.

વૈશ્વિક બજારમાં તેજી વચ્ચે ૫૭ પોઈન્ટનો સુધારો થયો

શિયાળુસત્રના પ્રથમ દિવસે મમતા અવિશ્વાસ દરખાસ્ત લાવવામાં નિષ્ફળ રહેતા શેરબજાર પર સારી અસર થઈ

મુંબઈ,તા. ૨૨

શેરબજારમાં આજે કારોબારના અંતે વૈશ્વિક બજારમાં તેજી વચ્ચે ઉછાળો નોંધાયો હતો. ઈન્ડેક્સ હેવીવેટ, ઈન્ફોસિસ અને આઈટીસીમાં તેજી જોવા મળી હતી. તૃણમુલ કોંગ્રેસ લોકસભામાં સરકાર સામે અવિશ્વાસની દરખાસ્ત લાવવામાં નિષ્ફળ ગયા બાદ તેની સીધી અસર બજારમાં જોવા મળી હતી અને બજારની સ્થિતિ સુધરી હતી. એફડીઆઈના મામલે લોકસભામાં અવિશ્વાસની દરખાસ્ત લાવવાની યોજના તૈયાર કરવામાં આવી હતી. સંસદનું શિયાળુસત્ર શરૂ થયા બાદ તરતજ મમતા બેનર્જીએ આ દરખાસ્ત રજુ કરી હતી પરંતુ અધ્યક્ષ મીરાકુમારે આને ફગાવી દીધી હતી કારણ કે ૫૦ સભ્યોનો ટેકો આ દરખાસ્તને મળી શક્યો ન હતો. સેન્સેક્સ ૫૭ પોઈન્ટ સુધરી ૧૮૫૧૭ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૧૩ પોઈન્ટ સુધરી ૫૬૨૮ની સપાટીએ રહ્યો હતો. સેન્સેક્સ અને નિફ્ટી બંને ઈન્ટ્રાડે દરમિયાન ક્રમશઃ ૧૮૫૬૮ અને ૫૬૪૩ની સપાટીએ રહ્યા હતા. વૈશ્વિક મોરચેજાપાનના નિક્કીમાં ૧.૬ ટકાનો સુધારો થતા તેમાં ૬.૫ મહિનાની ઉંચી સપાટી જોવા મળી હતી. ઓટો મેકર્સ અને ઈલેક્ટ્રોનિક્સ કંપનીઓમાં તેજી જામી હતી. યુરોપિયન શેર એક સપ્તાહથી તેજીમાં દેખાઈ રહ્યા છે. ચીન અને અમેરિકામાં મેન્યુફેક્ચરીંગ સર્વે દર્શાવે છે કે વૈશ્વિક આર્થિક રિકવરી થઈ રહી છે. ઘરઆંગણે બીએસઈ કેપિટલ ગુડ્સ, આઈટી, એફએમસીજી, પીએસયુ, બેંક ઈન્ડેક્સમાં એક-એક ટકાનો સુધારો રહ્યો હતો. જોકે બીએસઈ ઓઈલ એન્ડ ગેસ ઈન્ડેક્સમાં ૦.૫ ટકાનો ઘટાડો રહ્યો હતો. સેન્સેક્સમાં સોફ્ટવેર નિકાસકાર કંપની ઈન્ફોસિસમાં ૧.૫ ટકાનો સુધારો જોવા મળ્યો હતો જ્યારે વિપ્રોમાં એક ટકાનો ઉછાળો રહ્યો હતો. અન્ય જે કંપનીઓના શેરમાં સુધારો રહ્યો હતો તેમાં એલએન્ડટી, આઈટીસી, હિન્દુસ્તાન યુનિલિવરમાં સુધારો જોવા મળ્યો છે. એસબીઆઈમાં સૌથી વધુ બે ટકાનો અને એચડીએફસી બેંકમાં પણ એક ટકાનો સુધારો રહ્યો હતો. અન્ય શેરોમાં પણ તેજી રહી હતી.

ઉત્તરપ્રદેશમાં ૭.૨ લાખ ખેડૂતોની લોન માફ કરાઈ

લખનૌ,તા. ૨૨

ચૂંટણી વચનને પાળવાની દિશામાં આગળ વધીને ઉત્તરપ્રદેશ સરકારે ખેડૂતોની લોન આજે માફ કરી દીધી હતી. કોઓપરેટિવ રૂરલ ડેવલોપમેન્ટ બેંક પાસેથી ૫૦૦૦૦ સુધી લોન લેનાર ખેડૂતોની લોન માફ કરી દેવામાં આવી છે. આ નિર્ણયથી રાજ્યના ૭.૨ લાખ ખેડૂતોને સીધો ફાયદો થશે. સમાજવાદી પાર્ટીના વડા મુલાયમસિંહ યાદવના ૭૪માં જન્મદિવસના પ્રસંગેઆ જાહેરાત કરવામાં આવી છે. સમાજવાદી પાર્ટીએ તેના ચૂંટણી ઢંઢેરામાં સાફ શબ્દોમાં કહ્યુ હતુ કે જો સમાજવાદી પાર્ટી સત્તામાં આવશે તો ૫૦૦૦૦ સુધીની ખેડૂતોની લોન માફ કરી દેવામાં આવશે. મુખ્યમંત્રી અખિલેશ યાદવે આજે આ મુજબની જાહેરાત કરી હતી. તેમણે કહ્યુ હતુ કે લોન માફી એવા ખેડૂતોને આપવામાં આવશે જે ખેડૂતો ૫૦૦૦૦ સુધીની લોન મેળવી ચૂક્યા છે.

સોનામાં ૧૦૦નો ઉછાળો નોંધાયો

નવી દિલ્હી,અમદાવાદ, તા. ૨૨

અમદાવાદ સોના-ચાંદી બજારમાં મિશ્ર કારોબાર ગુરુવારે સતત બીજા દિવસે પણ યથાવત રહ્યો હતો. ગુરુવારે ચાંદીમાં ફ્લેટ કારોબાર જ્યારે સોનામાં પોઝીટીવ કારોબાર જોવા મળ્યો હતો. સૌ પ્રથમ સોનાની વાત કરીએ તો બુધવારે એક દિવસના વિરામ બાદ ગુરવારે સોનામાં ફરી તેજી જોવા મળી હતી. દિવસના અંતે ૧૦ ગ્રામ સોનાના ભાવ રૂપિયા ૧૦૦ના સુધારા સાથે રૂપિયા ૩૨૩૦૦ થી ૩૨૪૦૦ની છેલ્લા ૧૦ દિવસની સૌથી ઉંચી સપાટી ઉપર બંધ રહ્યા હતા. જે બુધવારે રૂપિયા ૩૨૨૦૦ થી ૩૨૩૦૦ની સપાટી ઉપર સ્થિર હતા. જ્યારે ચાંદીમાં સતત બીજા દિવસે ફ્લેટ કારોબાર જોવા મળ્યો હતો. બુધવાર બાદ ગુરુવારે સતત બીજા દિવસે ચાંદીનાં ભાવમાં કોઈ વધઘટ વગર રૂપિયા ૬૧૦૦૦ થી ૬૧૫૦૦ની ઉંચી સપાટી ઉપર સ્થિર રહ્યા હતા. જ્યારે ચાંદીના પગલે રૂપામાં પણ સ્થિરતા યથાવત રહી હતી. અને ગુરુવારના કારોબારને અંતે પ્રતિકિલોગ્રામ રૂપાના ભાવ કોઈપણ પ્રકારની વધઘટ વગર રૂપિયા ૬૦૮૦૦ થી ૬૧૩૦૦ની સપાટી ઉપર સ્થિર રહ્યા હતા. આમ અમદાવાદ સોના-ચાંદી બજારમાં એક તરફ ચાંદીમાં સતત બે દિવસથી સ્થિરતા જળવાઈ રહી છે.

મુંબઈમાં આજથી બીજી ટેસ્ટ મેચ શરૂ : સચિન ઉપર નજર

મુંબઈ,તા. ૨૨

મુંબઈના વાનખેડા સ્ટેડિયમ ઉપર આવતીકાલથી ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે બીજી ટેસ્ટ મેચ શરૂ થઈ રહી છે. ધોનીના નેતૃત્વમાં ટીમ ઈન્ડિયાએ અમદાવાદ ટેસ્ટમાં શાનદાર જીત મેળવ્યા બાદ ખેલાડીઓનો નૈતિક જુસ્સો વધી ગયો છે અને આ ટેસ્ટ મેચમાં પણ જીત મેળવીને નિર્ણાયક લીડ મેળવવા માટે ધોનીની ટીમ સુસજ્જ થઈ ચૂકી છે. મોટી બાબત એ છે કે કેટલાક ખેલાડીઓ માટે આ ટેસ્ટ સીમાચિહ્નરૂપી બની રહેશે.

એક બાજુ વિરેન્દ્ર સહેવાગ મુંબઈના વાનખેડે સ્ટેડિયમ ઉપર રમીને ૧૦૦મી ટેસ્ટ મેરમવાની સિદ્ધિ મેળવશે. વિરેન્દ્ર સહેવાગે હજુ સુધી ૯૯ ટેસ્ટ મેચો રમી છે. તે આવતીકાલે ૧૦૦મી ટેસ્ટ મેચ રમશે. બીજી બાજુ માસ્ટર બ્લાસ્ટર સચિન તેડુંલકર ઘર આંગણે આ ટેસ્ટ મેચ રમશે જેથી સ્થાનિક ક્રિકેટ ચાહકોને પોતાના ફેવરિટ ખેલાડીઓને ઘર આંગણે જોવાની તક મળશે. પ્રથમ ટેસ્ટ મેચમાં માસ્ટર બ્લાસ્ટર સચિન ફ્લોપ રહ્યો હતો તે જોતા મુંબઈમાં એક લાંબી ઈનિંગ્સ રમીને ચાહકોને રોમાંચિત કરે તેવી શક્યતા છે. બીજી બાજુ ઝડપી બોલર ઉમેશ યાદવ બીજી ટેસ્ટ મેચ પહેલાં જ ઘાયલ થઈ ગયા બાદ બંગાળના ઝડપી બોલર અશોક ડિંડાનો સમાવેશ કરવામાં આવ્યો છે.

બુધવારના દિવસે પ્રેક્ટિસ સેશનમાં યાદવે ભાગ લીધો ન હતો જેથી આ બાબત નિશ્ચિત થઈ ગઈ છે કે ઉમેશ યાદવ બીજી ટેસ્ટ મેચમાં રમશે નહીં. તેની જગ્યાએ અશોક ડિંડાનો સમાવેશ કરવામાં આવી ચૂક્યો છે. ઉમેદ યાદવ અમદાવાદ ટેસ્ટમાં સફળ રહ્યો હતો અને સ્પીનરોને ચાર વિકેટ ઝડપીને મદદરૂપ બનવામાં ભૂમિકા ભજવી હતી.

રાજ્યમાં ઠંડીનું પ્રમાણ યથાવત અમરેલીમાં ૧૨.૪ ડીગ્રી

અમદાવાદમાં લઘુતમ તાપમાન ઘટી ૧૩.૨ ડિગ્રી નોંધાયુ મોટાભાગના વિસ્તારોમાં તાપમાનમાં નોધાયેલો ઘટાડો

અમદાવાદ, તા. ૨૨

અમદાવાદ સહિત સમગ્ર રાજ્યમાં આજે ઠંડીનું પ્રમાણ યથાવત રહ્યું હતું. રાજ્યમાં સૌથી વધારે ઠંડી આજે અમરેલીમાં ૧૨.૪ ડીગ્રી સેલ્સીયસ નોંધાઇ હતી. હજુ પણ દિવસે ગરમી અને રાત્રે તથા પરોઢે ઠંડી પડતી હોવાથી બેવડી ઋતુનો લોકોને અનુભવ કરી રહ્યા છે.

હવામાન વિભાગની આગાહી છે કે આવતીકાલે રાજ્યના તમામ જિલ્લા દીવ, દમણ અને દાદરા-નગર-હવેલીમાં ઠંડીનું પ્રમાણ ચાલુ રહેશે અને અમદાવાદમાં આકાશ સ્વચ્છ રહેશે તથા લઘુત્તમ તાપમાન ૧૩ ડિગ્રીની આસપાસ રહેવાની શક્યતા છે. અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ૩૧.૩ અને લઘુત્તમ તાપમાન ૧૩.૨ ડિગ્રી સેલ્સીયસ નોંધાયું હતું. શહેરમાં હવામાં ભેજનું પ્રમાણ સવારે ૮.૩૦ વાગે ૬૬ ટકા અને સાંજે ૫.૩૦ વાગ્યે ૪૭ ટકા નોંધાયું હતું. રાજ્યમાં ઠંડીનું પ્રમાણ ચાલુ રહ્યું છે. કાશ્મીરમાં હિમવર્ષા થવાને કારણે આગામી દિવસોમાં ઠંડીના પ્રમાણમાં વધારો થવાની શક્યતા છે. દિવસે ગરમી અને રાત્રે ઠંડીને કારણે શહેરમાં બેવડી ઋતુને કારણે શરદી, તાવ અને ઉધરસના કેસોમાં નોંધપાત્ર વધારો થયો છે. રાજ્યમાં લઘુત્તમ તાપમાન વડોદરામાં ૧૪.૭, રાજકોટમાં ૧૫.૩, સુરતમાં ૧૬.૪, ભુજમાં ૧૭.૭, નલીયા ૧૩.૧, ભાવનગરમાં ૧૬, ડીસામાં ૧૫.૫, અમરેલીમાં ૧૨.૪, ગાંધીનગરમાં ૧૩.૫, મહુવામાં ૧૩.૯, દીવમાં ૧૫.૬, સુરેન્દ્રનગરમાં ૧૬.૬ ડીગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

સુપ્રસિધ્ધ સાહિત્યકાર ડૉ.કેશુભાઈ દેસાઈ રાજસ્થાનના સાહિત્યિક પ્રવાસે

ગાંધીનગર, તા. ૨૨

વરિષ્ઠ નવલકથાકાર અને જ્ઞાનપીઠ પારિતોષિક ચયન સમિતિના સદસ્ય ડૉ. કેશુભાઈ દેસાઈ આગામી તા. ૨૪ નવેમ્બરના રોજ જયપુર ખાતે રાજસ્થાન હિંદી ગ્રંથ અકાદમીની નિશ્રામાં 'સૃજન અને સમય' વિષય પર બીજ વ્યાખ્યાન આપી ત્રણ દિવસના રાજસ્થાન પુસ્તક મેળાનો પ્રારંભ કરાવશે. રાજસ્થાન સરકારના શિક્ષણમંત્રી, અખિલ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના પ્રવક્તા અને શિક્ષણવિદ્ ડૉ. જનાર્દન દ્વિવેદી તથા વરિષ્ઠ હિંદી કવિ અશોક વાજપેયી તથા સુધીશ પચોરીની ઉપસ્થિતિમાં યોજાનાર આ પુસ્તક પર્વમાં વિવિધ વ્યાખ્યાનો, પરિસંવાદો અને પુસ્તક વિમોચન કાર્યક્રમ ઉપરાંત કવિ સંમેલનનું આયોજન કરવામાં આવેલ છે. રાજસ્થાન હિંદી ગ્રંથ અકાદમીના નિદેશક ડૉ. આર.ડી. સૈની સમગ્ર આયોજનનું સંકલન કરશે.

ઉમેદવારોની જાહેરાત

● અનુસંધાન પહેલાનું ચાલુ

ધારાસભ્યોના મતવિસ્તાર બદલવામાં આવ્યો હોવાથી તથા કેટલીક બેઠકો પર બહારના ઉમેદવારોને ટિકિટ આપવામાં આવી હોવાથી ભારે ચણભણાટ શરૂ થયો હોવાના પણ સંકેતો મળી રહ્યા છે. આગામી દિવસોમાં આ વિરોધ કેવી ગતિ પકડે છે તેની ઉપર ભાજપની સંગઠન સ્થિતિનો આધાર રહ્યો હોવાનું ચર્ચાઈ રહ્યુ છે. અત્રે ઉલ્લેખનિય છે કે ભાજપે આજે પ્રથમ તબક્કાની ચૂંટણી માટે કુલ ૮૭ ઉમેદવાર પૈકી ૮૩ ઉમેદવારો જાહેર કર્યા હતા. જ્યારે બાકી રહેલી ચાર બેઠકો માટે આવતીકાલે સાંજ સુધીમાં જાહેરાત કરાશે અથવા તો ઉમેદવારોને બારોબાર ફોન પર જાણ કરી દેવામાં આવશે તેમ ભાજપના વર્તુળો દ્વારા જાણવા મળે છે.

પાંચ બેઠકો માટે જાહેરનામુ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પત્રોની ચકાસણી કરાશે. ઉજી ડિસેમ્બર સુધી ઉમેદવારીપત્રો પાછા ખેંચી શકાશે. જ્યારે ૧૭ ડિસેમ્બરે આ ચૂંટણી માટેનું મતદાન યોજાશે.

બીજા તબક્કાની ચૂંટણી માટેનું જાહેરનામુ પ્રસિદ્ધ કરવા માટેની તમામ તૈયારીઓ તંત્ર દ્વારા પુરી કરી દેવામાં આવી છે. આ માટેનું તમામ સાહિત્ય પણ તૈયાર કરી દરેક ગ્રામ પંચાયતની કચેરી અને જાહેર સ્થળો પર રવાના કરી દેવામાં આવેલ છે. આ જાહેરનામાની નકલ, પંચના કાર્યક્રમની વિગત તેમજ નોટીસની નકલો રાજકીય પક્ષને પણ મોકલી આપવામાં આવશે.

જિલ્લાની પાંચ બેઠકો માટેની આ સામાન્ય ચૂંટણીમાંથી ચાર બેઠકોના ચૂંટણી અધિકારીઓની ઓફિસ ગાંધીનગરમાં આવેલી છે. જે પૈકી ૩ ચૂંટણી અધિકારીઓની ઓફિસ કલેક્ટર કચેરીમાં છે જ્યારે ગાંધીનગર દક્ષિણની બેઠકના ચૂંટણી અધિકારીની કચેરી જિલ્લા પંચાયત ખાતે છે. કલોલ બેઠકના ચૂંટણી અધિકારીની કચેરી કલોલમાં આવેલી છે.

વિધાનસભાની આ સામાન્ય ચૂંટણી માટે પંચ અને તંત્ર દ્વારા પુરેપુરી તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. આ ચૂંટણી માટે પંચે ત્રણ પ્રકારના નિરીક્ષકોની નિમણુંક કરી છે. જે પૈકી ખર્ચ નિયંત્રણ માટેના જિલ્લાના બે નિરીક્ષકો ગાંધીનગર આવી પહોંચ્યા છે. જ્યારે આચાર સંહિતના અમલ માટેના પાંચ નિરીક્ષકો અને પ્રથમવાર નિમાયેલા પોલીસ નિરીક્ષક આજે ગાંધીનગર પહોંચશે.

શબ્દાવલી - ૪૯૦૩



આડી ચાવી

૧. ગાંધીનગર ગુજરાતનું... છે (૫)
૬. શ્રૃંગારીત, શણગાર (૪)
૮. કર્મ (૩)
૯. પ્રતિષ્ઠા (૨)
૧૦. અવગણવું તે (૫)
૧૩. અગ્નિ (૩)
૧૪. નવ પરણીત યુગલ લગ્ન પછી ફરવા જાય તે (૪)
૧૮. માથાની વેણી (૩)
૧૯. ...બાલાજી, પ્રભુનું એક રૂપ (૪)
૨૨. સ્હેજ (૩)
૨૩. ઈશ્વર, અંત, પરિણામ (૩)

ઊભી ચાવી

૧. એક પક્ષી (૨)
૨. ખાટલો, પલંગ (૨)
૩. પૈસા, રોકડા (૩)
૪. ફળોનો ગર્ભ (૨)
૫. ખેલ (૩)
૭. વળગેલું હોય તેવું (૪)
૯. આશ્રય, આશરો (૩)
૧૦. અધોગતિ (૪)
૧૧. એક હિંસક પ્રાણી (૨)
૧૨. ટીખળ, મશ્કરી (૩)
૧૫. નજર હેઠળ, દેખરેખ (૪)
૧૬. મનુષ્યમાં અધમ (૪)
૧૭. નિશાની (૩)
૨૦. ધારી જવો,... આવવા (૨)
૨૧. બાળ વાર્તાનું કાલ્પનિક પાત્ર (૨)

શબ્દાવલી ૪૯૦૨ના જવાબ

આડી ચાવી :- (૧) પગદંડો (૩) શ્વાસ (૫) સાપ (૭) મોખરે (૮) ગનીમત (૧૦) શાન (૧૨) અનસન (૧૪) અચૂક (૧૫) કોકા (૧૬) તપાસ (૧૭) તકરાર (૧૯) ડર (૨૦) સાકર

ઊભી ચાવી :- (૧) પરોણાગત (૨) દંભ (૪) સમિતિ (૫) સાખ (૬) પરેશાન (૭) મોત (૯) મખ્ખીચૂસ (૧૧) નસકોરા (૧૩) નકારવું (૧૪) અપાર (૧૬) તડ (૧૭) તક (૧૮) કર

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable! CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઘ.) ૨૩૨૬૧૧૬૩, ૩૨૦૬૦૫૨૨, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨,

અલ્ટ્રાટેક સિમેન્ટ
એંજિનિયરની પસંદગી
FAIR MATE Water Proofing Solution
VIRAT TMT BARS
UTKARSH TMT BARS
સાથ, સહકાર અને વિશ્વાસ
સ્ટોકિસ્ટ :-
શ્રી વૈશ્વી ટ્રેડર્સ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
(O): 23226929 M. 98251 36929, 99250 39672, 99250 33729

SANGHI CEMENT
KisaN
VINAYAK 500 TMT BARS - ISI
SANGHI STEEL - ISI
BENELAVE
DR.FIXIT FOR HEALTHY CONSTRUCTION
TATA STEEL • PIPES • SHEETS
ashirvad C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૫૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન